સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વિદેશે દે દાન, ઘરનાં ને ઘંટી ચાટવા નથી,
મિજબાની મેમાનોને ઘરે લોટ ફાકવા નથી!
દોકડો ય નથી ખિસ્સામાં ને દે દાન ડોલરમાં -
છતા સંકટ - સમયે કોઈ જ સાચવતા નથી

હાઈકુ

ખિસ્સું છે ખાલી,
છતાં ફૂલણજીના -
ભભકા ભારી...

ભરાવે નહી
મોંઘાઈ ના શિંગડાં
ગંદી છે મંદી...

ચિંતન

ભક્તિ સુતંત્ર સકલ સુખ ખાની, બિનુ સતસંગ ન પાવહિં પ્રાની,
પુન્ય પુંજ બિનુ મિલહિં ન સંતા, સતસંગતિ સંસૃતિ કર અંતા

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ છે.

ભક્તિ સ્વતંત્ર છે, વળી સર્વ સુખોની ખાણરૂપ છે, પણ સત્સંગ વિના પ્રાણી તે મેળવી શકતો નથી, અત્યંય પુણ્ય વિના સંત મળતા નથી, સત્સંગ જ મનુષ્યને સંસારમાંથી છોડાવે છે.

જ્યારે તમારાં પૂર્વોના જન્મના પુણ્યફળ પાકે ત્યારે જ આપણને આ જન્મમાં સત્સંગની પ્રાપ્તિ થાય છે, અને સત્સંગ દ્વારા જ સદ્‌બુદ્ધિ અને ભક્તિ પ્રાપ્ત થાય છે.

ભક્તિ સુખોની ખાણ છે ભક્તિથી આત્માને શાંતિની પ્રાપ્તિ થાય છે.

સુવિચાર

- બિનસાંપ્રદાયિકતા એટલે સર્વધર્મ સમન્વય, આ ભાવના આપણે ન રાખીએ તો માંહોમાહેની લડાઈમાં દેશનો નાશ થાય - **મોરારજી દેસાઈ**
- વચનોની કઢી અને વચનોના ભાત એ બંનેથી કોઈ તૃપ્ત થયું છે ? - **સંત તુકારામ**
- જે વ્યક્તિ એક સાથે બે સસલાને પકડવા દોડે છે એ એકને પણ પકડી શકતી નથી - **સંત ઓગસ્ટિન**
- અનુચિત ફાયદો મેળવવાની ઉમ્મિદ નુકશાનની શરુઆત છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાદાઈની નકલ કરવી એ દુનિયાનું સૌથી મુશ્કેલ કાર્ય છે - **અખંડ આનંદ**
- જે ન કરવા જેવું છે તે આપણને દુર્જનો જ શીખવે છે - **સુભાષિત**
- આજનું ઔષધ : દાઝેલી જગ્યા પર ઈંડાની સફેદી લગાડવાથી ઘા જલ્દી રુઝાઈ જાય છે અને દાઝ્યાના ડાઘ રહેતા નથી

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાનો એકનો એક પુત્ર ખોટા વ્યસનોમાં ઘેરાઈ ગયો. રાજાને ચિંતા થઈ કે જો એ રાજા બનશે તો પ્રજાનું શું થશે ? રાજકુમારની સાન ઠેકાણે લાવવા રાજાએ રાજકુમારને ગુરુ પાસે મોકલ્યો. ગુરુ રાજકુમારને લઈ બગીચામાં લટાર મારવા નીકળ્યા. બગીચામાં જુદા જુદા છોડ ગુરુ રાજકુમારને બતાવ્યા. એમાં એક છોડ, એકફુટ ઊંચો, એક છોડ ત્રણ ફુટ ઊંચો, એક છ ફૂંટ ઊંચો અને ચોથો બાર ફુટ ઊંચો હતો. ગુરુએ રાજકુમારને કહ્યું, 'આ ચારેય છોડને મૂળમાંથી ઉખાડીને ફેંકી દે.' રાજકુમારે એક ફુટનો છોડ સહેલાઈથી ઉખાડીન ફેંકી દીધો. બીજો છોડ સહેજ બળ કર્યું તો ઉખડી ગયો. ત્રીજો છ ફુટના છોડ માટે ઘણી મહેનત કરવી પડી. વારંવાર હલાવીને માંડ છ ફુટનો છોડ મૂળમાંથી કાઢી શકાયો. ગુરુએ કહ્યું, 'વાહ રાજકુમાર હવે આ એક છેલ્લા છોડ જે બાર ફુટનો છે તેને પણ ઉખાડી બતાવ.' રાજકુમારે ખૂબ પ્રયત્નો કર્ય પણ કંઈ વળ્યું નહીં. ત્યારે રાજકુમારે પૂછ્યું. 'આમ કરવાનું કંઈ કારણ?' ગુરુએ કહ્યું, જયારે માણસ વ્યસનમાં ફસાય છે તો શરુઆતમાં તેને દૂર કરવું આસાન હોય છે. પણ જો સમય જતા વ્યસન છોડીએ નહીં તો એના મૂળિયા ઊંડા ઉતરી જાય છે અને પછી લાખ મહેનત કરવા છતાં તે ઉખાડવા મુશ્કેલ બની જાય છે. જો તમે સત્વરે વ્યસન નહીં છોડો તો એ તમારામાં ઘર કરી જશે. પછી જયારે રાજય તો ઠીક ઘર પણ ગુમાવવાનો વારો આવશે.' રાજકુમારને ગુરુની વાત સમજાઈ અને એ જ ક્ષણે એણે બધા જ વ્યસનનો ત્યાગ કર્યો.

હૈદરાબાદ એન્કાઉન્ટરના સૂચિતાર્થો

તંત્રીસ્થાનેથી...

બહુ સુસંસ્કૃત રાષ્ટ્રો ખૂનનો બદલો ફાંસીવાળી ન્યાય પદ્ધતિનો પણ વિરોધ કરે છે. માણસને એના જઘન્ય અપરાધનો પશ્ચાતાપ કરવાની તક આપી શકાય ત્યાં સુધી સાચા માણસ તરીકે પુનઃસ્થાપિત કરવાનો પ્રાયસ કરવો જોઈએ - એવો વિચાર ઉમદા જરૂર લાગે પરંતુ વહેવારુ નથી. ગુનેગારને એના ગુનાની યોગ્ય સજા મળવી જ જોઈએ, તે અમુક વર્ગની કે આજીવન કેદ અથવા મૃત્યુદંડ પણ હોઈ શકે - એવી અવધારણા સમ્યક્ ન્યાય પદ્ધતિ ધરાવતા મોટા ભાગના દેશોની ન્યાય પ્રણાલિકા છે. ભારત પણ એવી ન્યાય પ્રણાલિકા સ્વીકારતું રાષ્ટ્ર છે. ગુનેગારને તેની નિર્દોષતા પુરવાર કરવાની પૂરતી તક અપાય છે અને છેલ્લે રાષ્ટ્રપતિ પાસે તો મૃત્યુદંડને પણ માફ કરી દેવાની આખરી સત્તા છે જ. સેશન્સ કોર્ટથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી આવી લડત આપતાં અને છેલ્લે પણ અપીલમાં જતાં તથા રાષ્ટ્રપતિને દયાની અરજી (મર્સી પિટિશન) કરતાં વર્ષોનાં વર્ષો લાગી જતાં હોય છે. ન્યાયશાસ્ત્રમાં જ 'જસ્ટિસ ડિલેઈડ ઈઝ જસ્ટિસ ડિનાઈડ' અર્થાત્ બહુ મોડો ન્યાય મળે એ ન્યાય નહીં મળ્યા બરાબર છે - એ મતલબનું સૂત્ર છે. આ બધા પરિપ્રેક્ષ્યમાં જોતા ૨૦૧૨માં બનેલી નિર્ભયા દુર્ઘટના આજપર્યંત ન્યાય મળવા છતાં ન્યાયવંચિત રહી ગઈ હોય એમ લાગે તો નવાઈ ન જ લાગવી જોઈએ. એની સામે તાજેતરમાં સાઉદી અરબ ખાતે ગણતરીની મિનિટોમાં જાહેર ચોકમાં હજારો લોકોની નજર સામે દુષ્કર્મના આરોપીને ત્યાંની પોલીસે ઠાસ મારી કેન પર લટકાવી દીધો એ ત્વરિત ન્યાયની ઈસ્લામિક પદ્ધતિ વધુ અસરકારક જ લાગે. તેલંગાણા ઘટના અરેરાટી ઊપજાવે એવી હતી અને નિર્દોષ વેટરનરી ડૉકટર મહિલાને જે રીતે હેવાનિયતપૂર્વક સામૂહિક દુષ્કર્મ પછી જીવતી સળગાવી દેવાઈ એના ગુનેગારોને પકડીને ન્યાયિક પ્રક્રિયાના લાંબા ચકરાવામાં નાખવાને બદલે પોલીસે વહેલી સવારે ત્રણ વાગ્યે ગુનો રિકન્સ્ટ્રકટ કરવાના બહાને વેરાન સ્થળે લઈ જઈ ગોળીએ દીધા હોય તો એ ભારતીય દંડ સંહિતા કે ન્યાયપ્રણાલી સાથે ધરાર સુસંગત નહીં હોવા છતાં ઘણા બધાને યોગ્ય જ લાગશે. દેખીતી રીતે જ મરનાર યુવતીનાં માતાપિતાને તો એથી સંતોષ થયો જ છે, પણ કાર્તિ ચિદંબરમ્ અને કેટલીક મહિલા ધારાશાસ્ત્રીઓને મહિલા સુરક્ષાના નામે એન્કાઉન્ટર સ્ટાઈલનું પોલીસ દમન શરૂ થાય તે યોગ્ય નથી લાગ્યું. માયાવતીને અને અન્ય આગેવાનોને એ ઉચિત લાગ્યું છે. બે તરફના અભિપ્રાયો તો આવતા જ રહેશે. પોલીસ એની મેળે એન્કાઉન્ટર નથી કરતી, એ માટે એને આગોતરા આદેશ અને સલામતીની ખાતરી જોઈતી હોય છે. ગુનાના કન્સ્ટ્રકશનની જગ્યાએથી ચારેચાર જણ નાસી છૂટે એ થિયરી ગળે ન જ ઊતરે એટલે પોલીસે રાજય સરકારના જ ઈશારે ફેંસલો પાડ્યો છે એ તો દીવા જેટલું સ્પષ્ટ છે. હવે એ આદેશ માનનારા પોલીસ જવાનો પર કાળો કેર ન ઊતરે - એની પણ તકેદારી રાજય સરકારે જ રાખવી પડશે. અયોગ્ય લાગે તો પણ આવી ઘટનાથી દુષ્કર્મ કરવાની મનોવૃત્તિ ધરાવતાં તત્ત્વો પર ધાક જરૂર બેસશે, એ નક્કી.

અથાક્ પરિશ્રમ વગર સફળતા કયારેય મળતી નથી

ચૂલ્હે સે રોટી નીકાલે કે લિયે,
ચીમટે કો અપના મુંહ જલા હી પડી

- લગાન

ઈ.સ.૨૦૦૧માં રિલીઝ થયેલ આ ફિલ્મની લોકપ્રિયતા વિશે કંઈ જ કહેવાની જરૂર નથી. આમીરખાનના મુખે બોલાયેલ આ સંવાદ કે.પી. સકસેના દ્વારા લખાયેલ છે. જયારે ભુવન (આમીરખાન) ક્રિકેટમાં અંગ્રેજોને હરાવવાની શરત માન્ય રાખીને આવે છે, ત્યારે આજુ-બાજુના ગામ વાળા તથા તેના મિત્રો પણ આ અસંભવ વાત માટે તેનો વિરોધ કરે છે... અને તે જ સમયે આમીરકાન આ ડાયલૉગ બોલે છે કે, ચૂલામાંથી રોટલી (અન્ન) કાઢવા માટે તો ચીપીયાએ પણ ગરમ થવું જ પડે છે... એટલે કે જો સફળતા મેળવવી હોય તો પરિશ્રમ તો કરવો જ રહ્યો. સુભાષિત રત્નભાણ્ડાગારમાંથી આવી જ કંઈ વાત કહેતો ખૂબ પ્રચલિત શ્લોક (સુભાષિત) મુળી આવે છે...

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

ઉદ્યમેન હી સિધ્યન્તિ, કાર્યાણિ ન મનોરથૈઃ ।
ન હી સુપ્તસ્ય સિંહસ્ય, મુખે પ્રવિશન્તિ મૃગાઃ ॥

ઉદ્યમ (પરિશ્રમ)થી જ કાર્ય પૂર્ણ થાય છે, માત્ર ઈચ્છા કરવાથી નહીં, જેમ સૂતેલા સિંહના મુખમાં હરણ સ્વયં (પોતાની મેળે) પ્રવેશ નથી કરતા. સિંહે પણ પ્રયાસ કરવો પડે છે...

અથાક્ પરિશ્રમ વગર સફળતા કયારેય મળતી નથી, અને પરિશ્રમ કર્યા પછી તરત ફળ મળે ન મળે પરંતુ આપણી જાતને સંતોષ તો જરૂર મળે છે કે, મહેનત તો કરવામાં આવી છે, હવે પછી ઈશ્વર ઈચ્છા.

'લગાન'નો ડાયલોગ હોય કે 'સુભાષિતરત્ન ભણ્ડાર' નો શ્લોક હોય, ૫૦૦-૧૦૦૦ વર્ષ પહેલા કહેલી વાત હોય કે હજી દસ-પંદર વર્ષ પહેલા કહેલ વાત હોય, મૂળ હાર્ટ પરિશ્રમનો મહિમા અને તેને સમજાવવાનો યત્ન તો હંમેશા થતો રહ્યો છે, અને થતો રહેશે...

- jayuoza@gmail.com
Mo.9898046488

રવિવારે 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ

વૃત્તસંચય

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજવામાં વિવિધ કાર્યક્રમો, પૈકી, 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ અંતર્ગત વડોદરાની એમ.એસ. યુનિ.ના પ્રાધ્યાપક ડૉ. નરેન્દ્ર શ્રીમાળી'કમલ', જેઓ પોતે જૂના ધ્વનિમુદ્રણોના સંગ્રાહક, અભ્યાસુ તથા રંગભૂમિ, સિનેમા અને સાહિત્યના જિજ્ઞાસુ, અભ્યાસક અને આલેખક છે, તેઓનો એક કાર્યક્રમ ૮-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ સાંજના ૪.૦૦ વાગે, યુથ હોસ્ટેલ, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. આથી આ અનોખા કાર્યક્રમને માણવા સંસ્થાના સભ્યો તથા સાહિત્ય રસિકો-ભાવકો, મહાનુભાવોને અચૂક પધારવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુર્જર ભારતી, ગાંધીનગરના ઉપક્રમે 'ગુર્જર ભારતી'ના સંસ્થાપક ડૉ. મહાવીર સિંહના સ્મૃતિગ્રંથ 'હિન્દી-ગુજરાતી કે સેતુ - મહાવીર સિંહ ચોહાણ' નો લોકાર્પણ સમારોહ, તા. ૮મી ડિસેમ્બર, ૨૦૧૯ને રવિવારે, સવારે ૧૦.૩૦ વાગે, ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે, ગુજરાતી - હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્યકાર - ડૉ. રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાશે, જેમાં પદ્મશ્રી અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડ્યા અને મુખ્ય અતિથિપદ શોભાવશે. આ સમારોહમાં પધારવા ગુર્જર ભારતીના અધ્યક્ષ અશોક ગુપ્તા અને મંત્રી ઈશ્વર ચૌહાણ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

સોમનાથ : સરદાર સાહેબની ચિરંજીવી સ્મૃતિ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

એક વિશાળ વટવૃક્ષ સમાન વ્યક્તિત્વના સ્વામી દેશના સરદાર વલ્લભભાઇ પટેલના જીવનના છેલ્લા દિવસોની ગતિવિધિઓ રાજમોહન ગાંધીની કલમે માણવા જેવી છે. ભીષ્મ પિતામહની બાણશૈયા જેવો અનુભવ બાપુને તેમના છેલ્લા દિવસોમાં દિલ્હીમાં થતો હતો. તેજ રીતે દેશના નવસર્જના ભગીરથ કાર્યની પૂર્ણાહુતિ થયા બાદ સરદાર સાહેબને પણ કેટલીક બાબતોમાં જે ગતિવિધિ ચાલતી હતી તે પરત્વે નારાજગી હતી. શારીરિક તકલીફો સરદાર સાહેબને ઘેરી વળી હોય તેમ સૌ કોઈ અનુભવી શકતા હતા. જોકે અતિશય થાકેલા તથા બીમાર હોવા છતાં વલ્લભભાઈએ ૧૪ નવેમ્બર-૧૯૫૦ના રોજ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના જન્મદિવસે તેમને જન્મદિવસની શુભેચ્છાનો પત્ર પોતાના હસ્તાક્ષરમાં લખ્યો હતો. બાપુની છેલ્લી ઈચ્છાને માન આપવાનો તથા સબંધોમાં ગરીમા જાળવી રાખવાનો સરદાર સાહેબનો આ પ્રયાસ તેમના વ્યક્તિત્વની ઊંચાઈને ઉજાગર કરનારો છે. આજ માસની ૨૩મી તારીખે પંડિત નહેરુ સરદારને મળવા આવે છે ત્યારે વલ્લભભાઇ તેમને સહજ નિખાલસતાથી કહે છે : " મને થોડી શક્તિ આવે અને હું થોડો શ્રમ વેઠી શકું ત્યારે મારે તમારી જોડે એકાંતમાં વાત કરવી છે.. " વિધિને કદાચ આવી નિખાલસ ચર્ચાનો ઉપક્રમ મંજૂર ન હતો. ૧૯૫૦ના ડિસેમ્બરની પાંચમી તારીખે મણીબહેને સરદાર સાહેબને ગણગણતા સાંભળ્યા. મણીબહેને સાંભળ્યું કે પિતા શાયર નઝીરની જાણીતી પંક્તિ ગણગણાવતા હતા. " હૈ બહારે બાગે દુનિયા ચંદરોઝ.. ચંદરોઝ " મણીબહેન ભાંગી પડ્યા હતા, પરંતુ બહારથી મજબૂત રહેવાનો પ્રયાસ કરતા હતા. થોડા દિવસ બાદ મણીબહેને આ લોખંડી પુરુષ ગાતા હતા તે બીજી એક જાણીતી પંક્તિ સાંભળવા મળી : " મંગલ મંદિર ખોલો, દયામય મંગલ મંદિર ખોલો " સરદારની સારવાર કરતા ડૉ. નાથુભાઇ પટલે હળવાશથી કહ્યું : "દરવાજો ઊઘડે તેમ નથી. એક નહિ પણ બે ત્રણ તાળાં લાગેલા છે. " વલ્લભભાઇએ પોતાના ગુલાબી સ્વભાવને છાજે તેવી હળવાશથી જવાબ આપ્યો : " દસ તાળા લાગ્યા હશે તો પણ દરવાજો ઊઘડી જશે. " આવનારા મુકામનો અંદાજ આ સમર્થ પુરુષને આવી ગયો હતો. સરદાર સાહેબના સાથીઓને પણ આ અંદાજ આવી ગયો હતો. તેમને ખાસ વિમાનમાં મુંબઇ લઇ જવામાં આવ્યા ત્યારે રાષ્ટ્રપતિ તેમજ પ્રધાનમંત્રીની વિમાની મથકે હાજરી સૂચક હતી. મુંબઈમાં તેમણે મહાપ્રયાણ કર્યું. અંતિમ શ્વાસ ભરતાં પહેલા થોડો સમય ભાનમાં આવ્યા ત્યારે મણીબહેને તેમને પાણી પાયું. પ્રતાપી પિતાએ વીર પુત્રીની સામે છેલ્લીવાર સ્નેહપૂર્વક જોઇને ધીમા સ્વરે પાણી પીધા પછી કહ્યું : " ગળ્યું લાગે છે. " મણીબહેને તેમને ગંગાજળમાં મધ ભેળવીને પાણી પાયું હતું.

સરદાર સાહેબના અનેક અવિસ્મરણીય કાર્યોમાં જૂનાગઢનું ભારત સાથેનું જોડાણ તેમજ સોમનાથ મંદિરના પુનઃ નિર્માણનું કાર્ય શિરમોર ગણી શકાય તેવું છે.

દેશના મુક્તિ સંગ્રામનો ઈતિહાસ જેમ રસપ્રદ તથા જીવંત કથા છે તેવીજ રીતે આઝાદી મળી તે સમયના કેટલાક બનાવો પણ થ્રીલર કહી શકાય તેવા છે. સારા તેમજ માઠા પ્રસંગોના ન્યાયપૂર્ણ આલેખનથીજ ઈતિહાસનું નિર્માણ થાય છે. આવો એક પ્રસંગ જૂનાગઢનો હિન્દ સરરકાર સાથેના જોડાણનો છે. ૨૩ સપ્ટેમ્બર-૧૯૪૭ ના દિવસે સરદાર સાહેબ પરના એક પત્રમાં પંડિત જવાહરલાલજી ગુજરાત રાજયના જૂનાગઢની ઝડપથી બદલાતી જતી સ્થિતિ અંગે લખે છે. તેમાં પંડિતજી એમ પણ લખે છે કે આ બાબત ભારત – પાકિસ્તાનના સંબંધને લગતી મહત્વની સમસ્યા છે. આ બાબતમાં જે કાર્યવાહી થાય તેમાં વિદેશ ખાતાને જાણકારીમાં રાખવામાં આવે તેમ પણ પ્રધાનમંત્રીશ્રી સૂચવે છે. પરિસ્થિતિ પણ વાસ્તવમાં ઝડપથી બદલે છે. ૧૦ નવેમ્બર-૧૯૪૭ના દિવસે ભારત સરકારના દેશી રાજયોના ખાતાના તત્કાલિન સચિવ વી. પી. મેનન પર દેશી રાજયોના ખાતાના સંયુક્ત સચિવ એન. એમ. બૂચનો તાર સંદેશો જાય છે. તેમાં જૂનાગઢ પર કબજો મેળવ્યાની વાત લખવામાં આવી છે. આ સાથેજ વિચક્ષણ વહીવટકર્તા અને મક્કમ નિર્ણય કરવા માટે જાણીતા સરદાર સાહેબનો લૉર્ડ માઉન્ટબેટન પરનો તા.૨૯ નવેમ્બર-૧૯૪૭ નો પત્ર સરદાર સાહેબની જાગૃતિ તથા વૈચારિક સ્પષ્ટતાને ઉજાગર કરે છે. આ પત્રમાં માંગરોળ તથા બાબરિયાવાડ નામના જૂનાગઢના નવાબી શાસન હેઠળના બે રાજયોને ભારત સરકાર સાથે જોડાણ કરવાનો નિર્ણય લેવાની સત્તાછે તેનું સમર્થન સ્પષ્ટ શબ્દોમાં સરદાર પટેલે કરેલું છે. લિયાકતઅલીખાનનો મત તેનાથી જૂદો હતો. સરદાર પટેલ લિયાકતઅલીખાનના મંતવ્યને તાર્કીક દલીલોથી અમાન્ય રાખે છે તેમજ તેનો સ્પષ્ટ દલીલોથી રદિયો પણ સરદાર સાહેબે માઉન્ટબેટન પરના આ પત્રમાં લખેલો છે. અંતે જૂનાગઢનો પ્રશ્ન દેશના હિતમાં લોકલાગણી અનુસાર ઉકેલવામાં આવે છે. એક વિશાળ દેશના પ્રમાણમાં નાના પ્રદેશમાં થયેલ રાજકીય ગતિવિધિઓની આ વાતો રાજમોહન ગાંધી, વી. શંકર તથા નવજીવન ટ્રસ્ટની કાળજી કાળજીપૂર્વકની મહેનત થકી આપણા સુધી પહોંચી છે. આરઝી હકૂમત તથા શામળદાસ ગાંધી અને તેમના સમર્થ સાથીદારો પણ આ ઉજળા ઈતિહાસનું એક અભિન્ન અંગ છે. જૂનાગઢના પ્રશ્નનો ઉકેલ થયા પછી સરદાર સાહેબ જૂનાગઢ ગયા. ભારતીય સેના તથા આરઝી હકૂમતની કામગીરીની તેમણે પ્રશંસા કરી. જૂનાગઢથી સરદાર સાહેબ સોમનાથ ગયા. લોક સહયોગ તેમજ એક સ્વતંત્ર ટ્રસ્ટના માધ્યમથી મંદિરના પુનઃ નિર્માણનું કાર્ય ઐતિહાસિક કાર્ય સંપન્ન થયું. ૧૯૫૧ના વર્ષમાં જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠાવિધિ ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કરી. પશ્ચિમ ભારતની શોભા વધારનારું આ રમણિય તીર્થસ્થાન મહાસાગરની ગર્જનાઓને ઝીલતું આજે પણ ઉન્નત મસ્તકે ઊભું છે. આજે એક વર્ષમાં લગભગ એક કરોડ લોકોની મુલાકાતથી આ તીર્થસ્થાનની ગરીમા અભૂતપૂર્વ રીતે વૃધ્ધિ પામી છે.

સરદાર પટેલના નિર્ણય તેમજ મહાત્મા ગાંધીના આશીર્વાદથી આઝાદ દેશમાં સોમનાથ મંદિરના પુનઃ નિર્માણનું કાર્ય વિશિષ્ટ સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે. મુનશી તેમજ મોરારજી દેસાઇ જેવા મહાનુભાવોની મહેનત તથા વિચક્ષણ ભૂલી શકાય તેવા નથી. સોમનાથ એ સરદાર સાહેબની ચિરંજીવી સ્મૃતિનું ભવ્ય કેન્દ્ર છે.

પચ્ચીસ વર્ષના સાથીને શોધવા મનુબેનને એકલા દોડાવ્યા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધી બાપુ નાહવામાં સાબુ નહીં ખરબચડો પથ્થર વાપરતા હતા

મહાત્મા ગાંધીના જીવન કવન અને કાર્યો ઉપર શ્રેષ્ઠ રચનાઓ આપનારા કવિ દુલા ભાયા કાગ 'ભગત બાપુ' ની એક રચના છે 'એ જી મારે સાબુ તો થાવું ને જીવન ખોવું રે... માનવીના ધોવા.... મેલને રે...' - 'ભગત બાપુ' તો સમાજનો મેલ ધોવા માટે સાબુ થવાનું કવિતામાં દર્શાવે છે પણ જેણે જીવતરનો મેલ ધોવાનું જ કામ કર્યું હતું એવા મહાત્મા ગાંધીએ શરીર સફાઈમાં સાબુ કયારેય વાપર્યો જ ન હતો.'

કવિ કાગ બાપુની રચના અને ગાંધીજીના સાબુ નહીં વાપરવાનો સંદર્ભે અહીં મેળ ખાય એમ છે નહીં પણ ગાંધીજી સાબુ ન વાપરતા અને પાછા સ્વચ્છતાના અનુશાસનમાં શિરમોર હતા એ સંદર્ભે આખી વાત મજાની છે. બાપુ સાબુના બદલે ખરબચડો પથ્થર વાપરતા હતા.

નોઆખલીમાં બાપુ કોમી શાંતિ ફેલાવવાનું કામ લઈને ગામેગામ ફરતા હતા ત્યારે એકવાર તેઓ નારાયણપુર ગામે પહોંચે છે. બાપુનો ક્રમ હતો ગામમાં એ સૌથી ગરીબના ઝૂંપડે જ રોકાય. ગામ સૌથી પહેલા ગરમ પાણીથી બાપુના પગ ધોવડાવે. એ પછી બાપુ થોડુંઘણું લખવાનું કામ કરે. આવી જ રીતે નારાયણપુર ગામમાં પણ આ મુજબ થયું. આ ક્રમ પછી બાપુને માલિસ અને નાહવાની વ્યવસ્થા અનુયાયી કરે. આ ગામમાં આવી વ્યવસ્થા મનુબેન સંભાળતા હતા. પરંતુ નાહવાના કામમાં તેમને યાદ આવ્યું કે સાબુના બદલે વપરાતો બાપુનો પથ્થર તો મનુબેન આગલા ગામે ભૂલી આવ્યા હતા !

તેમને મહાત્માને આ વાત કહી. અને પ્રશ્ન કર્યો ? હવે શું કરું ? બાપુએ જવાબ વાળ્યો તે ભૂલ કરી છે તો હું ઈચ્છું કે તું એ પથ્થર જાતે જ જઈને શોધી આવે. એક વખત આમ કરીશ એટલે બીજી વખત યાદ રહેશે.'

મનુબેને આ ઉત્તર સામે ડરતાં ડરતાં પૂછ્યું : 'આ ગામમાં આટલા બધા સ્વયંસેવકો છે, તેમાંતી કોઈને સાથે લઈ જાઉં ?'

બાપુએ સવાલ પૂછ્યો : 'કેમ ?', મનુબેન લખે છે : 'આનો જવાબ ન આપી શકી. નોઆખલીમાં નાળિયેરી અને સોપારીનાં એવા વન છે કે અજાણાયો માણસ ભૂલો જ પડી જાય; વળી કોમી તોફાનના દિવસો. એ રસ્તા ઉપર મુસલમાનોનાંજ ઘરો અને વેરાન ઉજજડ રસ્તો. એકલા કેમ જવાય ? પણ ગુનો કર્યો એટલે ગયા વગર છૂટકો ન હતો. હું તો 'કેમ' નો જવાબ આપ્યા વગર જ થોડીક રીસમાં ચાલી નીકળી. મનમાં એમ પણ થાય કે, કયાંકથી કોઈ ગુંડાઓ આવીને પજવશે તો ? પણ રામનામ લેતી ચાલી નીકળી. જે રસ્તે અમે આવેલાં તે રસ્તા પરનાં પગલાં જોતી જોતી ગઈ.

એ વણકરનું ઘર માંડ માંડ મળ્યું તો ખરું. વણકરના ઘરમાં ફકત એક ડોશી રહે. એ ડોશીને શી ખબર કે આ પથ્થર આટલો કીમતી હશે ? એણે તો બિચારીએ પથ્થર ફેંકી દીધેલો તે મેં માંડ માંડ શોધી કાઢ્યો. એ પથ્થર જડ્યો ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો. લઈને ઝટપટ નારાયણપુર જવા નીકળી પડી. અને સાડા નવ વાગ્યાની નીકળી હતી તે એક વાગ્યે બપોરના ઘેરે આવી. ભૂખ તો કકડીને લાગી હતી. પણ એના કરતાં આજની આટલી ભૂલથી બાપુજીની થોડીક સેવા છૂટી એનું દુઃખ અસહ્ય હતું. એટલે બાપુજીના ખોળામાં પથ્થર મૂકી રડી પડાયું.

બાપુએ મને કહ્યું, 'આજે તારી પરીક્ષા થઈ. ઈશ્વર જે કરે તે સારા માટે. તું પહેલે દહાડે મારી પાસે આવી ત્યારે રાતના બે વાગ્યા સુધી તને સમજાવ્યું હતું કે, મારા યજ્ઞમાં પડવું એ બહુ હિંમતનું કામ છે; જો જરા પણ હિંમત હારી તો નાપાસ કરીશ. માટે હજુ પાછું મહુવા જવું હોય તો જઈ શકે. પણ યાત્રા શરૂ થયા પછી કયાંક નહીં જઈ શકે. એટલે બાપુએ વધુ સમજાવતાં કહ્યું કે, 'આ પથ્થર નિમિત્તે તારી પહેલી પરીક્ષા થઈ. તેમાં તુ ઉત્તિર્ણ થઈ. મને કેટલો આનંદ થયો. આ પથ્થર પચ્ચીસ વર્ષથી મારો સાથી છે. જેલમાં જાઉં કે મહેલમાં એ મારી સાથે ફર્યો છે. જો એ મને ન મળ્યો હોત તો મને અને મીરાંબેનને દુઃખ થાત. ઉલ્લેખનીય છે કે આ પથ્થર મીરાંબહેને બાપુને આપ્યો હતો.'

પણ આ પરીક્ષાથી મનુબેનને બાપુએ એક પાઠ ચોક્કસ શીખવ્યો, કે પથરા તો આવા ઘણાંય મળી રહેશે, બીજો શોધીશું, એવી બેપરવાઈ ન રાખવી; પણ દરેક ઉપયોગી વસ્તુને સાચવતાં શીખવું.'